# સર્વસમૃદ્ધિ અષ્ટક

બાહ્યદૃષ્ટિપ્રચારેષુ, મુદ્રિતેષુ મહાત્મન:
અન્તરેવાવભાસન્તે, સ્ફુટા: સર્વા: સમૃદ્ધય: (૨૦-૧)

શબ્દાર્થ: બાહ્યદૃષ્ટિપ્રચારેષુ = બાહ્યદૃષ્ટિના પ્રચારમાં, બાહ્ય પ્રવૃત્તિમાં, મુદ્રિતેષુ = બંધ કરવાથી, રોકવાથી, મહાત્મન: = મહાત્માઓને, અન્તરેવ = અંતરમાં જ, અવભાસન્તે = ભાસે છે, સ્ફુટા: = સ્પષ્ટ, સર્વા: = સર્વ, સમૃદ્ધય: = સમૃદ્ધિઓ

શ્લોકાર્થ: બાહ્યદૃષ્ટિની પ્રવૃત્તિ બંધ પડે છે ત્યારે મહાત્માને અંતરમાં જ પ્રગટ થયેલી સર્વ સમૃદ્ધિઓ ~~પ્રગટ~~ ભાસે છે.

ભાવાર્થ: જેઓ દીક્ષા લઈ પંચ મહાવ્રત ધારણ કરે છે તેમના જીવનમાં એક નવો વળાંક (New direction) આવે છે. વસ્તુનું મૂલ્ય કરવાની એમની દૃષ્ટિ બદલાઈ જાય છે. સોના જેવી કિંમતી ધાતુ તેમને કથીર (dirt) જેવી લાગે છે, હીરા મોતી કાંકરા લાગે છે. હવે ગુરુસેવાનું એક સામાયિક તેમને million $ જેવું લાગે છે.

આત્મામાં અનંત ગુણો છે અને એક એક ગુણનું મૂલ્ય અપાર છે. બાહ્યદૃષ્ટિ અટકે તો અંદરનો ખજાનો દેખાય છે. આંતરચક્ષુ ખૂલે ત્યારે જ અંદરની સંપત્તિના સ્પષ્ટ દર્શન થાય છે. એ સંપત્તિ આત્મામાં જ રહેલી હોવાથી તેને મેળવવા માટે બહારની દોડાદોડી કરવી પડતી નથી. એ સંપત્તિ સ્વાધીન અને સુરક્ષિત (secured) છે, કોઈ ચોરી જાય તે શક્ય જ નથી.

એવું પણ નથી કે દીક્ષા લીધી એટલે બીજા દિવસે બધી આંતરિક સમૃદ્ધિ ખોળામાં આવીને પડે. જીવ સામાન્ય રીતે બહિર્મુખ હોય છે તેથી પોતાની જાતને બહાર કાઢવાની છે. એ માટે શ્રદ્ધા, મહેનત અને ધીરજ જોઈશે. એક વખત એ સંપત્તિના સાચા દર્શન થાય પછી બહારની દુનિયા પ્રત્યે આસક્તિ નહિ રહે.

મુનિને સાધના દ્વારા પ્રાપ્ત થતી સર્વસમૃદ્ધિ ત્રણ પ્રકારની હોય છે.

(૧) ઔદયિક ભાવની લબ્ધિ: તેનાથી ઇન્દ્રપણું, ચક્રવર્તીપણું પ્રાપ્ત થાય.

(૨) ક્ષયોપશમ ભાવની સમૃદ્ધિ: સંતિકરં સ્તોત્રમાં આવેલું વિપ્પોસહિ પણું*, ***સવ્વોસહિ પણું, **ખેલોસહિ માટે લબ્ધિ પણું વગેરે લબ્ધિઓ પ્રાપ્ત છે.

(૩) ક્ષાયિક ભાવની સમૃદ્ધિ: કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય.

મુનિને ઔદયિકભાવની લબ્ધિની જરૂર નથી. સાધના કરતાં કરતાં મુનિ ક્ષયોપશમભાવ દ્વારા ક્ષાયિકભાવની નજીક પહોંચે છે.

શ્લોક-૧ સર્વસમૃદ્ધિ

જેમ માણસ બહારના પ્રકાશમાંથી અંધકારમાં જાય ત્યારે શરૂઆતમાં તેને અતિશય ગાઢ અંધકાર લાગે છે. તેમ બાહ્યદૃષ્ટિવાળો જ્યારે સાધનાની શરૂઆત કરે ત્યારે તેને અંદર અંધકાર લાગે છે. ધીમે ધીમે અંતરચક્ષુ ખુલવા માંડે છે. આ પ્રમાણે નિયમિત સાધના કરતાં કરતાં તેને અંદર રહેલી સમૃદ્ધિઓ દેખાય છે.

મુનિ પાસે જે સમૃદ્ધિ છે તે લૌકિક નહિ પણ લોકોત્તર સમૃદ્ધિ છે. લોકોત્તર (લોકથી પર) સમૃદ્ધિ એટલે આત્માના ગુણોનું પ્રગટ થવું. ક્ષયોપશમભાવમાં આ સમૃદ્ધિ પ્રગટ થાય છે, અને આગળ જતાં ક્ષાયિકભાવ દ્વારા સંપૂર્ણપણે પ્રગટ થાય છે.

* વિપ્પોસહિપત્તાણં એટલે વિપ્રુડૌષધિ અર્થાત્ મુખમાંથી નીકળતું થૂંક ઔષધિરૂપ છે.

** ખેલોસહિમાઈલબ્ધિપત્તાણં એટલે જેના શ્લેષ્મ (નાક [illegible]) અને નાકનો મેલ ઔષધિરૂપ છે.

*** સવ્વોસહિપત્તાણં = સર્વ ઔષધિ સમેલા
એટલે જેના દાંત, નખ, કેશ અને રોમ વગેરે અવયવો ઔષધિરૂપ છે એવી લબ્ધિવાળા જેમના વિષ્ટા, મૂત્ર પણ ઔષધિ બની જાય.

<u>નોંધ</u> ખેલોસહિમાઈલબ્ધિપત્તાણં અને સવ્વોસહિપત્તાણં બંને સૂરિમંત્ર છે.

સર્વસમૃદ્ધિ : શ્લોક-૨

સમાધિર્નન્દનં ધૈર્યં, દમ્ભોલિઃ સમતા શચી;
જ્ઞાનં મહાવિમાનં ચ, વાસવશ્રીરિયં મુનેઃ (૨૦-૨)

<u>શબ્દાર્થ</u>: સમાધિઃ = સમાધિરૂપી; નન્દનં = નંદનવન; ધૈર્યં = ધૈર્યરૂપી; દમ્ભોલિઃ = વજ્ર; સમતા = સમતારૂપી; શચીઃ = ઇન્દ્રાણી; જ્ઞાનં = જ્ઞાનરૂપી, સ્વરૂપના અવબોધરૂપી; મહાવિમાનં = મોટું વિમાન; ચ = અને; વાસવશ્રીઃ = ઇન્દ્રની લક્ષ્મી; ઇયં = આ; મુનેઃ = મુનિનો

<u>શ્લોકાર્થ</u>: સમાધિરૂપ નન્દનવન, ધૈર્યરૂપ વજ્ર, સમતારૂપ ઇન્દ્રાણી, અને સ્વરૂપના અવબોધરૂપ મોટું વિમાન - આ ઇન્દ્રની લક્ષ્મી મુનિને હોય છે.

<u>ભાવાર્થ</u>: ઇન્દ્ર મહારાજને ભોગસુખના અનેક સાધનો છે. જેમાં (૧) નંદનવન (૨) વજ્ર નામનું શસ્ત્ર (૩) ઇન્દ્રાણી (૪) મહાવિમાન. આ ચાર ઇન્દ્રને સુખના મુખ્ય સાધનરૂપે છે.

ઇન્દ્રમહારાજ મોજ માણવા <u>નંદનવનમાં</u> ફરવા નીકળી જાય છે તેમ મુનિમહારાજ ધ્યાન-ધ્યાતા અને ધ્યેય આ ત્રણેની એકતારૂપ નિર્વિકલ્પ આનંદમય એવા <u>સમાધિ</u> નામના ગુણમાં ફરવા નીકળી જાય છે. નંદનવનમાં જેમ ઇન્દ્ર મજા કરે છે તેમ સમાધિગુણમાં મુનિ આનંદ માણે છે. નંદનવન, પુષ્પો, વનસ્પતિ, જલાશયો એ પરદ્રવ્યો દ્વારા સુખનું સાધન છે, જ્યારે સમાધિ એ આત્માનો ગુણ હોવાથી સ્વદ્રવ્ય દ્વારા સુખનું સાધન છે.

ઇન્દ્રને જેમ વજ્ર નામનું શસ્ત્ર છે તેમ મુનિને *<u>ધૈર્યગુણ</u>, વજ્ર તુલ્ય છે. ધૈર્ય એટલે મન-વચન-કાયાએ કરીને તાત્વિક કંપવું નહીં, ડરવું નહીં, થરથરવું નહીં તે ધૈર્ય. મુનિ મહાત્મા પૂર્વે બાંધેલા શુભ-અશુભ કર્મો ગમે તેવા ઉદયમાં આવે તો પણ તે ઔદયિકભાવના સુખ-દુઃખમાં અલ્પમાત્રાએ પણ સ્ખલિત થતાં નથી.

* See Page

જેમ ઇન્દ્રમહારાજને વિષયસુખના ભોગ માટે શચી-ઇન્દ્રાણી છે. તેવી જ રીતે મુનિ પાસે આત્મગુણોનો અનુભવ કરવા રૂપી સુખ માટે <u>સમતા</u> નામની ગુણાત્મક પત્ની છે.

ઇન્દ્રમહારાજને નિવાસ માટે વૈમાનિક દેવલોકનું મહાવિમાન છે તેમ મુનિને <u>જ્ઞાન</u> એ મહાવિમાન છે. મહાત્માનું જ્ઞાન કોઈપણ વિષયના ગ્રંથોમાં દોડે છે અને પ્રકાશ પાથરે છે.

આમ સમાધિ, ધૈર્ય, સમતા અને જ્ઞાન આવા આત્મગુણોની સંપત્તિ વડે મુનિ શોભે છે. ઇન્દ્રનું સુખ એ કર્મબંધનું અને સંસારપરિભ્રમણનું કારણ છે. મુનિના આત્મિક ગુણોનું સુખ કર્મક્ષયનું અને પરંપરાએ મુક્તિનું કારણ છે.

સર્વસમૃદ્ધિ શ્લોક-૨

* ઈન્દ્ર પાસે જેમ વજ્ર છે તેમ મુનિ મહાત્મા પાસે <u>ધૈર્ય</u> એ પરિષહો ને ભેદવા માટેનું વજ્ર છે.

<u>શંકા</u> પરીષહ અને ઉપસર્ગમાં શું ફેર?

<u>સમાધાન.</u> દેવ-મનુષ્ય અને તિર્યંચ દ્વારા ઉપદ્રવો થાય તેને ઉપસર્ગ કહેવાય છે. કુદરતી ઉપદ્રવ (ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વગેરે) ને પરીષહ કહેવાય છે.

કુલ ૨૨ પરીષહો છે.

[૨૨ પરીષહોના વિસ્તારપૂર્વક વર્ણન માટે "તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૨" પાના નંબર ૨૭૫ - ૨૮૨ વાંચવું]

૨૨ માંથી ૧૯ પ્રતિકૂળ અને ૩ અનુકૂળ પરિષહો છે.
પ્રજ્ઞા, સ્ત્રી અને સત્કાર અનુકૂળ પરીષહો છે.
કર્મસત્તાની આ ચાલ (તરકીબ) છે. કોઈ મુનિ પ્રતિકૂળતામાં ન ફસાય તો કદાચ અનુકૂળતામાં ફસાઈ શકે.
સ્થૂલિભદ્રજી ને પ્રજ્ઞા પરિષહ આવ્યો અને તેમાં તે ફસાયા. પોતાની બેનો વંદન કરવા આવી ત્યારે સિંહનું રૂપ ધારણ કરીને બેસી ગયા. મને આવું જ્ઞાન થયું છે તેવું બેનોને બતાવવું હતું.
આને જ્ઞાનનું અજીર્ણ કહેવાય.

તપનું અજીર્ણ ક્રોધ
ક્રિયાનું અજીર્ણ નિંદા અને
જ્ઞાનનું અજીર્ણ અહંકાર

પ્રતિકૂળતાને સમતાપૂર્વક સહન કરવી સહેલી છે, પરંતુ અનુકૂળતાને સમતાપૂર્વક સહન કરવી દુષ્કર છે.
મુનિ પાસે <u>ધૈર્ય</u> એવું શસ્ત્ર છે કે અનુકૂળતામાં આનંદ (ખુશી) નહિ અને પ્રતિકૂળતામાં ઉદ્વેગ નહિ.

સર્વસમૃદ્ધિ શ્લોક-3

વિસ્તારિતક્રિયાજ્ઞાનચર્મછત્રો નિવારયન્
મોહમ્લેચ્છમહાવૃષ્ટિં ચક્રવર્તી ન કિં મુનિઃ (૨૦-૩)

શબ્દાર્થ: વિસ્તારિત = વિસ્તારેલા છે જેણે; ક્રિયાજ્ઞાન = ક્રિયા અને જ્ઞાનરૂપી; ચર્મછત્રઃ = ચર્મરત્ન અને છત્રરત્ન; નિવારયન્ = નિવારતા; મોહમ્લેચ્છઃ = મોહરૂપી મ્લેચ્છ; મહાવૃષ્ટિં = મહાવૃષ્ટિને; ચક્રવર્તી = ચક્રવર્તી; ન = નહિ; કિં = શું; મુનિ = સાધુ, મુનિ.

શ્લોકાર્થ: ક્રિયારૂપી ચર્મરત્ન અને જ્ઞાનરૂપી છત્રરત્ન વિસ્તારીને મોહરૂપી મ્લેચ્છની મહાવૃષ્ટિને નિવારતા મુનિ શું ચક્રવર્તી નથી?

ભાવાર્થ: મુનિરાજને અહીં ચક્રવર્તી તરીકે બતાવ્યા છે.
પૃથ્વીના છ એ ખંડ ઉપર જેમની આજ્ઞા પ્રવર્તતી હોય એવા ચક્રવર્તીની પાસે જગતની શ્રેષ્ઠ વસ્તુઓ હોય છે. ચક્રવર્તી પાસે ચૌદ રત્નો હોય છે. આ ચૌદ રત્નોમાં એક ચર્મરત્ન હોય છે અને એક છત્ર રત્ન હોય છે. મહાવૃષ્ટિ થાય અને ચારે બાજુ પૂર (Flood) આવે ત્યારે પોતાનું અને પોતાની સેનાનું રક્ષણ કરવા માટે ચક્રવર્તી ચર્મરત્ન અને છત્રરત્નનો ઉપયોગ કરે છે. નીચે પાણી આવ્યું જ હોય તો એના ઉપર ચર્મરત્ન બિછાવવાથી પોતે ડૂબતા કે ભીંજાતા નથી. જહાજની જેમ એ કામ આપે છે. ઉપરથી જે જલવૃષ્ટિ થતી હોય એનાથી બચવા માટે છત્રરત્ન વિસ્તારે છે. આમ ગમે તેટલી ભયંકર વૃષ્ટિ થતી હોય તો પણ ચક્રવર્તી, પ્રજાજનો અને સૈન્ય વગેરે સલામત રહી શકે છે. *

ચક્રવર્તીની જેમ મુનિમહારાજ પાસે સમ્યગ્ એવી ધર્મક્રિયા અને સમ્યગ્ એવું જ્ઞાન આ બંને ચર્મરત્ન અને છત્રરત્ન તુલ્ય રત્નો છે. જેમ ચક્રવર્તી રાજા ઉપર અનાર્યદેશોમાં મ્લેચ્છ રાજાઓ વરસાદ વરસાવે છે તેમ મુનિ મહારાજનો ભ્રષ્ટ કરવા મોહરાજા કામવાસના, ક્રોધ, માન, માયા, લોભ-હાસ્ય-શોક વગેરેનો વરસાદ વરસાવે છે, ત્યારે મુનિમહારાજ સમ્યગ્ ક્રિયા અને સમ્યગ્જ્ઞાન આ રત્નોનો વિસ્તાર કરીને તેમાં સુરક્ષિત રહે છે.

શુદ્ધ એવા સમ્યગ્દર્શન પૂર્વક કરાયેલી ધર્મક્રિયા વડે અને સમ્યગ્જ્ઞાન વડે મુનિરાજ કુવાસનાઓના સમૂહરૂપી વૃષ્ટિનું નિવારણ કરે છે.

આ રીતે મુનિને ભાવચક્રવર્તી કહી શકાય,

સર્વસમૃદ્ધિ ક્લાસ-3

<u>શંકા</u> મુનિ પાસે કઈ ધર્મક્રિયા, ધર્મરત્ન તુલ્ય છે.

<u>સમાધાન</u>:
મુનિ પ્રતિક્રમણ, પડિલેહણ, વિહાર આ બધી પ્રવૃત્તિઓમાં અઢળક કર્મની નિર્જરા કરે છે.
સમિતિ-ગુપ્તિના પાલન દ્વારા કર્મોનો સંવર કરે છે (અટકાવે છે) જ્યાં સંવર હોય ત્યાં નિર્જરા થાય. આ ઉપરાંત રોજના પાંચ પ્રહર (૧૫ કલાક) સ્વાધ્યાય કરે છે. પાંચેય પ્રકારના સ્વાધ્યાય (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.) પ્રચંડ કર્મની નિર્જરાનું કારણ બને છે.

<u>શંકા</u>: સ્વાધ્યાયમાં કર્મ નિર્જરા વધારે કેમ?
<u>સમાધાન</u>: કારણકે સ્વાધ્યાયમાં એકાગ્રતા વધારે રહી શકે છે. બીજા તપમાં એટલી એકાગ્રતા રહેતી નથી.

ચક્રવર્તી માટે એમ કહેવાય છે કે જો તે ચારિત્ર ગ્રહણ કરે (દીક્ષા લે) તો દેવગતિમાં જાય અને ચારિત્ર ગ્રહણ ન કરે તો સાતમી નરકમાં ઉત્પન્ન થાય.

ચક્રવર્તીની સેના ઉપર અનાર્યદેશના રાજાઓ એટલો બધો વરસાદ વરસાવે તોય ચક્રવર્તીની સેના ઝીલી પડે.
મુનિ ઉપર મોહની વૃષ્ટિ એટલે કે હર્ષ, શોક, વિકાર ... ની વૃષ્ટિ થઈ શકે છે. ભલે મુનિ ઉપર મોહનો પ્રચંડ વરસાદ વરસે પરંતુ ક્રિયા અને જ્ઞાન દ્વારા મુનિ કોરા બહાર નીકળી જાય છે.

શ્લોક-૪

નવબ્રહ્મસુધાકુંડ, —નિષ્ઠાધિષ્ઠાયકો મુનિ:
નાગલોકેશવદ્ ભાતિ, ક્ષ્માં રક્ષન્ પ્રયત્નતઃ (૨૦-૪)

<u>શબ્દાર્થ</u>: નવબ્રહ્મ = નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપી, સુધાકુંડ = અમૃતના કુંડ, નિષ્ઠા = સ્થિતિ, અધિષ્ઠાયક: = સ્વામી, મુનિ: = મુનિ, નાગલોકેશવત્ = શેષનાગની જેમ, ભાતિ = શોભે છે, ક્ષ્માં = ક્ષમાને, રક્ષન્ = રક્ષણ કરતા, પ્રયત્ન: = સામર્થ્યથી

<u>શ્લોકાર્થ</u>: નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપી અમૃતકુંડની સ્થિતિના સામર્થ્યથી સ્વામી અને પ્રયત્નથી ક્ષમાને ધારણ કરતા મુનિ નાગલોકના સ્વામી (શેષનાગ) ની જેમ શોભે છે,

<u>ભાવાર્થ</u>: મુનિની અહીં નાગલોકના સ્વામી શેષનાગની સાથે સરખામણી કરી છે. લોકમાન્યતા પ્રમાણે શેષનાગે સમગ્ર પૃથ્વી પોતાના મસ્તક ઉપર ધારણ કરી છે. આટલો મોટો ભાર હોવા છતાં તે સ્થિર રહે છે. આ શેષનાગ નવ અમૃતકુંડનો સ્વામી છે તેવી માન્યતા છે. મુનિ મહારાજ બ્રહ્મચર્યની નવ વાડનું પાલન કરે છે. તે બ્રહ્મજ્ઞાનરૂપ અમૃતના નવ કુંડ છે. શીલની (બ્રહ્મચર્યની) નવ વાડ નીચે પ્રમાણે છે.

(૧) સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં રહેતા હોય તેવા સ્થાનમાં રહેવું નહિ.
(૨) સ્ત્રી-કથા કરવી નહિ
(૩) સ્ત્રીઓ જે સ્થાને બેઠી હોય તે સ્થાને બેસવું નહિ
(૪) ભીંતની બીજી બાજુએ બોલાતા સ્ત્રી-પુરુષના વચનો સાંભળવા નહિ. સ્થાન છોડી દેવું.
(૫) સંસારી અવસ્થામાં ભોગવેલા કામભોગોનું સ્મરણ કરવું નહિ.
(૬) શરીરમાં વિકાર પેદા કરનારી વિગઈઓ - ઘી, દૂધ વગેરેનું સેવન કરવું નહિ.
(૭) અતિશય આહાર ન લેવો. ઊણોદરી કરવી.
(૮) શરીરનો શણગાર કરવો નહિ
(૯) સ્ત્રીઓના અંગોપાંગ ધારીધારીને જોવા નહિ.

શેષનાગ જે પૃથ્વીને ધારણ કરે છે તે પૃથ્વીને ક્ષમાના અવતાર તરીકે ઓળખવામાં આવે છે. મુનિ મહારાજ ક્ષમાના, સહનશીલતાના અવતાર જેવા છે. એટલે સાધુને પૃથ્વી સાથે અને પૃથ્વીના ધારણ કરનાર નાગેન્દ્ર સાથે સરખાવવામાં આવે છે.

શેષનાગ અને પૃથ્વી ધારણ કરવાની વાત એ લોકમાન્યતા છે. બ્રહ્મચર્યની સ્થિરતાની મહત્તા બતાવવા માટે અહીં લૌકિક સરખામણી કરવામાં આવી છે.

શ્લોક - ૫

મુનિરધ્યાત્મ કૈલાશે, વિવેકવૃષભસ્થિત:
શોભતે વિરતિજ્ઞપ્તિ – ગંગાગૌરીયુત: શિવ: (૨૦-૫)

શબ્દાર્થ: મુનિ: = મુનિ, અધ્યાત્મકૈલાશે = અધ્યાત્મરૂપી કૈલાસ પર્વત પર, વિવેકવૃષભસ્થિત: = વિવેકરૂપી વૃષભ પર બેઠેલા, શોભતે = શોભે છે, વિરતિજ્ઞપ્તિ ગંગાગૌરીયુત: = વિરતિરૂપી ગંગા અને જ્ઞાનરૂપી ગૌરી (પાર્વતી) સહિત, શિવ: = મહાદેવ

શ્લોકાર્થ: અધ્યાત્મરૂપી કૈલાસ પર્વત પર, વિવેકરૂપી વૃષભ પર બેઠેલા, વિરતિરૂપી ગંગા અને જ્ઞાનરૂપી પાર્વતીની સાથે રહેલા મુનિરૂપી મહાદેવ શોભે છે.

ભાવાર્થ: ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનારા અઢાર હજાર શીલાંગના ધારક એવા મુનિવરોમાં કેટલી બધી સમૃદ્ધિ છે તે સરખામણીથી દર્શાવતાં ગ્રંથકારશ્રી અહીં રૂપકશૈલીથી કહે છે કે મુનિ મહારાજ મહાદેવ અર્થાત્ શંકર જેવા છે. મહાદેવનો નિવાસ હિમાચ્છાદિત કૈલાસ પર્વત ઉપર હોય છે. વૃષભ એટલે કે પોઠિયો એમનું વાહન છે. એમની બે પત્ની છે ગંગા અને ગૌરી એટલે કે પાર્વતી.

આવી જ રીતે મુનિ ભગવંત અધ્યાત્મરૂપી કૈલાસ પર રહે છે. વિવેક એ એમનો વૃષભ છે. સત્-અસત્, હેય-ઉપાદેય, શુભ-અશુભ વગેરેમાં સ્વપરના ભેદજ્ઞાનરૂપી વિવેક તેઓ ધરાવે છે. વિવેકરૂપી વૃષભ તેમને ગતિ કરવામાં સહાયરૂપ બને છે.

મહાદેવને ગંગા અને પાર્વતી હોય છે તો મુનિ મહારાજને વિરતિ એટલે કે ચારિત્રની કલારૂપી ગંગા હોય છે અને જ્ઞપ્તિ એટલે કે જ્ઞાનરૂપી પાર્વતી હોય છે.

હેય અને ઉપાદેયના વિવેક વડે, સ્વપરના ભેદજ્ઞાન વડે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની સહાયથી મુનિમહારાજ અધ્યાત્મના શીતલ, શાંત શિખરે, કૈલાસ પર્વત ઉપર બિરાજમાન થઈ શકે છે.

આ શ્લોકમાં મુનિ મહાત્માને મહાદેવની ઉપમા આપી છે અને હવે પછીના શ્લોક ૬ અને શ્લોક ૭ માં મુનિને ઇન્દ્રની અને બ્રહ્માની ઉપમા આપવામાં આવી છે.

શ્લોક-૬

જ્ઞાનદર્શનચન્દ્રાર્ક-નેત્રસ્ય નરકચ્છિદઃ
સુખસાગરમગ્નસ્ય, કિં ન્યૂનં યોગિનો હરેઃ (૨૦-૬)

**શબ્દાર્થ:** જ્ઞાનદર્શનચન્દ્રાર્કનેત્રસ્ય = જ્ઞાન અને દર્શનરૂપી ચંદ્ર અને સૂર્ય (અર્ક) જેના નેત્ર છે એવા, નરકચ્છિદઃ = નરક ગતિનો નાશ કરનાર (નરકાસુરનો નાશ કરનાર), સુખસાગરમગ્નસ્ય = સુખરૂપી સાગરમાં મગ્ન થયેલા, કિં = શું; ન્યૂનં = ઓછું, યોગિનઃ = યોગીને, હરેઃ = હરિ (કૃષ્ણ) કરતા

**શ્લોકાર્થ:** જ્ઞાન અને દર્શનરૂપી સૂર્ય અને ચંદ્ર જેના નેત્ર છે અને નરકગતિનો નાશ કરનારા તથા સુખરૂપી સાગરમાં મગ્ન થયેલા યોગીને કૃષ્ણ કરતાં શું ઓછું છે?

**ભાવાર્થ:** આ શ્લોકમાં મુનિને શ્રીકૃષ્ણથી શું ઓછું છે? એમ કહીને કૃષ્ણની સાથે સરખાવે છે.

- જગતમાં એમ કહેવાય છે કે ચંદ્ર અને સૂર્ય કૃષ્ણના નેત્રો છે.
- શ્રી ભાગવત પુરાણમાં આવે છે કે શ્રી કૃષ્ણે નરકાસુરનો વધ કર્યો હતો! અને
- શ્રી કૃષ્ણ સાંસારિક સુખસાગરમાં ડૂબેલા હતા.

મુનિને જ્ઞાન અને દર્શન રૂપી ચંદ્ર-સૂર્ય સમાન આંખો (નેત્રો) છે. સંસારમાં રહેલી વસ્તુઓ સામાન્ય અને વિશેષ ધર્મથી યુક્ત છે. વિશેષ ધર્મનો બોધ થાય તે જ્ઞાન કહેવાય છે અને સામાન્ય ધર્મનો બોધ થાય તે દર્શન કહેવાય છે.

આ યોગી કેવા છે? નરકમાં હવે ક્યારેય જવું ન પડે તેવી રીતે નરક ગતિનો ઉચ્છેદ કરનારા છે.

શ્રીકૃષ્ણ જેમ સુખસાગરમાં લીન છે તેમ આ મુનિ પણ સુખસાગરમાં લીન છે. આધ્યાત્મિક સુખના સાગરમાં યોગી મસ્ત થઈને શયન કરે છે. આ અધ્યાત્મ સાગર ક્યારેય સુકાવાનો નથી.

લોક બાહ્યપદાર્થની અપેક્ષાવાળી બાહ્યસૃષ્ટિ છે જ્યારે યોગીની સૃષ્ટિ બાહ્યપદાર્થોની અપેક્ષા રહિત છે અને પોતાના જ આત્માના ગુણોના વિકાસરૂપ છે. આ આંતરિક સૃષ્ટિ જે સદાકાળ રહેનારી છે તે પરથી નિરપેક્ષ છે તેથી તે અધિક છે, આ વાત હવે પછીના શ્લોકમાં કહે છે.

શ્લોક - ૭

યા સૃષ્ટિર્બ્રહ્મણો બાહ્યા, બાહ્યાપેક્ષાવલમ્બિની
મુને: પરાનપેક્ષાન્ત, - ર્ગુણસૃષ્ટિ: તતોઽધિકા (૨૦-૭)

<u>શબ્દાર્થ</u>: યા = જે; સૃષ્ટિ = સૃષ્ટિ; બ્રહ્મણ: = બ્રહ્માની, બાહ્યા = બાહ્ય જગતરૂપ; બાહ્યાપેક્ષાવલમ્બિની = બાહ્ય કારણોની અપેક્ષા રાખનાર; મુને: = મુનિની; પરાનપેક્ષા = બીજાની અપેક્ષા રહિત; અન્ત ર્ગુણસૃષ્ટિ = અંતરંગ ગુણની સૃષ્ટિ; તત: = તેથી; અધિકા = અધિક

<u>શ્લોકાર્થ</u>: જે બ્રહ્માની સૃષ્ટિ છે (તે) બાહ્ય જગતરૂપ છે અને બાહ્ય કારણની અપેક્ષા રાખનારી છે, પરંતુ મુનિની આંતરિક ગુણની સૃષ્ટિ બીજાની અપેક્ષારહિત છે, તેથી અધિક છે.

<u>ભાવાર્થ</u>: મુનિરાજની સમૃદ્ધિ બ્રહ્મા કરતાં પણ વિશેષ છે તેમ અહીં બતાવ્યું છે.
હિંદુ માન્યતા પ્રમાણે પરમેશ્વરના ત્રણ રૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.
બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરે છે, વિષ્ણુ સૃષ્ટિનું યોગક્ષેમ સંભાળે છે.
અને મહેશ (શંકર) પ્રલયકાળે સૃષ્ટિનું વિસર્જન કરે છે.

બ્રહ્મા પાંચ મહાભૂતો વડે સૃષ્ટિનું સર્જન કરે છે આ એક લોકોક્તિ છે સત્ય નથી. કારણ કે જો જગત બ્રહ્માએ બનાવ્યું હોય તો પરમાત્મા દયાળુ હોવાથી સુખી જ જગત બનાવે, દુ:ખી શા માટે બનાવે? અમે જૈનો તો માનીએ છીએ કે કોઈ જગતના કર્તા નથી. એ રીતે અમે જૈનો તો બ્રહ્માને જગત્કર્તા માનનારા લોકોના ~~પક્ષ~~ શત્રુ કહેવાઈએ. તો પરમાત્માએ પોતાના જ શત્રુ એવા અમને - જૈનોને કેમ બનાવ્યા? આ રીતે બ્રહ્મા જગત્કર્તા છે તે લોકોક્તિ છે. માની લો કે બ્રહ્માએ જગત બનાવ્યું, તો પણ બ્રહ્માની રચના બાહ્ય પદાર્થોની અપેક્ષાવાળી છે, અવલંબનવાળી છે.

મુનિ મહારાજ પોતાના આત્માની અંદર ગુણોની જે પ્રાપ્તિ કરે છે તે બાહ્ય ભાવની રચના કરતાં ઘણી જ અધિક છે. કારણ મુનિ તો આત્માના શુદ્ધ સ્વરૂપની સાધનાની સિદ્ધિ કરવામાં જ મગ્ન બનેલા છે. આત્માની ગુણસૃષ્ટિ પરપદાર્થોની અપેક્ષા રહિત છે. આ સૃષ્ટિ પરાધીન નહિ પણ સ્વાધીન છે. બ્રહ્માની સૃષ્ટિ પ્રલયકાળે નાશ પામે છે. મુનિરાજની આત્મગુણોની સૃષ્ટિ અક્ષય હોય છે.

શ્લોક-૯

રત્નૈસ્ત્રિભિઃ પવિત્રા યા, સ્ત્રોતોભિરિવ જાહ્નવી
સિદ્ધયોગસ્ય સાપિ, અર્હત્પદવી ન દવીયસી (૨૦-૯)

શબ્દાર્થ: રત્નૈઃ = રત્નો વડે, ત્રિભિઃ = ત્રણ વડે, પવિત્રા = પવિત્ર, યા = જે. સ્ત્રોતોભિઃ = પ્રવાહો વડે, ઇવ = જેમ, જાહ્નવી = ગંગા, સિદ્ધયોગસ્ય = સિદ્ધયોગવાળાને, સા = તે, અપિ = પણ; અર્હત્પદવી = તીર્થંકર પદવી, ન = નહિ, દવીયસી = અત્યંત દૂર

શ્લોકાર્થ: જેમ ત્રણ પ્રવાહો વડે પવિત્ર ગંગા છે, તેમ ત્રણ રત્ન વડે પવિત્ર એવી તીર્થંકર પદવી પણ સિદ્ધયોગવાળા મુનિને અતિ દૂર નથી.

ભાવાર્થ: હિંદુ ધર્મ પ્રમાણે જગતમાં નદી, પર્વત વગેરેમાં પવિત્રતાની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ હોય તો ગંગા નદી છે એ સ્વર્ગમાંથી ઊતરી, પૃથ્વી ઉપર વહેતી, પાતાળમાં જાય છે. એના પવિત્ર જળમાં સ્નાન કરવું. એના સંગમ સ્થળે સ્નાન કરવું અત્યંત પવિત્ર મનાય છે.

જેમ ગંગા ત્રણ પ્રવાહ વડે પવિત્ર મનાય છે તેમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી ત્રણ પ્રવાહ વડે પવિત્ર એવી અધ્યાત્મજગતમાં સર્વોચ્ચ પદવી એ અરિહંત પરમાત્માની પદવી છે. આ અરિહંતપણાની પદવી ત્રણે લોકના જીવોને અદ્ભુત એવા શુદ્ધ આત્મ સ્વરૂપનો બતાવનારી છે. આવા ઘણા અતિશયોથી યુક્ત એવી અરિહંતપણાની પદવી સાધક પુરુષ માટે બહુ દૂર નથી.

ગંગા જેવી પવિત્ર તીર્થંકર પદવી શ્રેષ્ઠ હોવા છતાં અભિમાન લેશ પણ નથી. પદવી સર્વોત્તમ હોવા છતાં તેનો ક્યાંય દુરુપયોગ નથી. ત્રણ રત્નોથી એ પવિત્ર છે.

આમ મુનિ મહાત્મા પાસે વિશ્વની સર્વોચ્ચ પ્રકારની સૂક્ષ્મ સંપત્તિ છે. એ સમૃદ્ધિની તોલે જગતની કોઈપણ ભૌતિક સમૃદ્ધિ આવી શકે નહિ.